# કોસંબા પાસે ટ્રકની પાછળ પોલીસકર્મીઓની કાર ઘૂસી જતાં એક પોલીસ જવાનનું મોત

### અકસ્માતમાં પોલીસ કારનો કચ્ચરઘાણ નીકળી ગયો : ઈજાગ્રસ્તો-મૃતકને કટરની મદદથી પતરૂં કાપીને બહાર કઢાયા : ચાર ઘાયલ

અંકલેશ્વર, તા.૨૬

અંકલેશ્વર નજીક કોસંબા પાસે હાઈવે પર રાજકોટના પોલીસકર્મીઓની ખાનગી કારને અકસ્માત નડતાં એક પોલીસકર્મીનું મોત નિપજ્યું હતું જ્યારે ચારને ઈજાઓ થતા સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. મળતી વિગતો મુજબ રાજકોટ ગ્રામ્ય એલસીબીના હેડ કોન્સ્ટેબલ ગોંડલમાં રહેતા દિગ્વિજયસિંહ રાઠોડ, ઉપલેટામાં રહેતા અરવિંદસિંહ જાડેજા, જેતપુરમાં રહેતા દિવ્યેશભાઈ સુવા અને ગોંડલમાં રહેતા ઘનશ્યામસિંહ જાડેજા ગોંડલની એક છેતરપીંડીની તપાસમાં સુરત ગયા હતાં જ્યાં સુરતમાં તપાસ કર્યા બાદ ત્યાંથી રાજકોટ જિલ્લાના એક ગુનાના આરોપીને સુરત પોલીસે પકડ્યો હતો જેથી છેતરપીંડીની તપાસમાં ગયેલ ટીમ આ આરોપીને લઈ રાજકોટ પરત આવતી હતી. ત્યારે સુરત-વડોદરા હાઈવે પર કોસંબા નજીક એલસીબીની ટીમ જે કારમાં હતી તે કાર આગળ બંધ પડેલ એક ટ્રક પાછળ ઘુસી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા એલસીબીના હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ રાઠોડનું મોત થયું હતું. જ્યારે ગોંડલના ઘનશ્યામસિંહ જાડેજા, ઉપલેટાના અરવિંદસિંહ અને જેતપુરના દિવ્યેશભાઈ સુવા તેમજ સુરતથી જે આરોપીને સાથે લાવતા હતા તે આરોપી વિજય પરમારને ઈજા થઈ હતી. આ તમામને સારવાર માટે અંકલેશ્વરની જયાબેન મોદી



(તસવીર :- મુનીર શેખ, અંકલેશ્વર)

હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. બનાવની જાણ થતાં પોલીસનો કાફલો દોડી આવ્યો હતો અકસ્માતમાં પોલીસકર્મીઓની ખાનગી કાર બે વાહનો વચ્ચે સેન્ડવીચ બની ગઈ હતી. જેમાં હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ રાઠોડનું ઘટનાસ્થળે જ મોત થયું હોય જ્યારે ઈજાગ્રસ્તો અકસ્માત બાદ કારની અંદર ફસાઈ ગયા હતા જેથી મૃતક અને ઈજાગ્રસ્ત અરવિંદસિંહ તથા દિવ્યેશભાઈ સુવા અને ઘનશ્યામસિંહ તેમજ કારમાં બેઠેલા આરોપીને બહાર કાઢવા માટે કટરની મદદથી પતરું કાપીને તેમને બહાર કાઢી સારવાર માટે ખસેડાયા હતા.

# અંકલેશ્વર મામલતદાર કચેરી ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૬

અંકલેશ્વરની મામલતદાર કચેરી ખાતે પ્રાંત અધિકારી ભવદીપસિંહ જાડેજાની અધ્યક્ષતા હેઠળ તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ૧૦ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. ‘‘સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ’’ની રાજ્ય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના અરજદારોની રજૂઆતોના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ ‘‘તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે આ કાર્યક્રમ અંતર્ગત અંકલેશ્વરની મામલતદાર કચેરી ખાતે પ્રાંત અધિકારી ભવદીપસિંહ જાડેજાની અધ્યક્ષતા હેઠળ. તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં અંકલેશ્વરના મામલતદાર કરણસિંહ રાજપુત, તાલુકા વિકાસ અધિકારી હિરેન બારોટ અને સ્ટેટ પીડબ્લ્યુડીના આશીષ બોડા સહિત તલાટીઓ અને અરજદારો હાજર રહ્યા હતા, આ સ્વાગત કાર્યક્રમ માં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને સ્ટેટ પીડબ્લ્યુડીને લગતી ૧૦ અરજદારોની અરજી મૂકવામાં આવી હતી જેનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો, સાથે અરજદારોને સર્ટિફિકેટ તથા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

### જે ધર્મ જોડવાનું કામ કરે તે ધર્મ અને જે તોડવાનું કામ કરે એ અધર્મ

# નવરાત્રીમાં મુસ્લિમ યુવાનોને ન જવા હાજી જુમા રાયમાની અપીલ

### મુસ્લિમ સમાજના તમામ તહેવારો મોહર્રમ હોય કે ઈદ અમે અમારા સેક્યુલર હિન્દુ ભાઈઓને સન્માનપૂર્વક આવકારીશું : જુમા રાયમા

અંજાર, તા.૨૬

આવનાર સમયમાં હિન્દુ સમાજનો તહેવાર નવરાત્રી શરૂ થઈ રહ્યો છે ત્યારે કચ્છ મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમા એ તમામ સમાજને નવરાત્રીની શુભેચ્છા આપતા જણાવેલ કે વર્ષોથી ભારતમાં રહેતા તમામ ધર્મ સંપ્રદાયના લોકો એકબીજાના તમામ તહેવારો એકતા અને ભાઈચારાથી ઉજવે છે આજે પણ તમામ ધર્મની નીકળતી રેલી શોભાયાત્રામાં મુસ્લિમ સમાજ વતી આવકાર અને સન્માન કરવામાં આવે છે તથા ઈદ-એ-મિલાદની રેલીને અન્ય સમાજ દ્વારા આવકારી સન્માન કરવામાં આવે છે પણ ઘણા સમયથી અમુક સંગઠનો દ્વારા એવું આયોજન કરવામા આવે છે કે મુસ્લિમ સમાજને તેમાં પ્રવેશ આપવામાં ન આવે તે ખરેખર કેટલું વ્યાજબી છે ? હકીકતમાં તો અસામાજિક કે નશાખોરોને પ્રવેશ બંધ કરવો જોઈએ પછી તે ગમે તે સમાજનો હોય સારા સજ્જન લોકો તહેવારોમાં આવે તેથી સમાજમાં એકતા અને ભાઈચારો રહે છે અંજારમાં દર વર્ષે યોજાતી મોહર્રમની માનસ મોહબ્બત મજલીશ તેનો દાખલો છે જેમાં સરકારી અધીકારીઓ, તમામ



ધર્મના સંતો, તમામ ધર્મના રાજકીય સામાજિક આગેવાનોને ખાસ આમંત્રણ આપી બોલાવી તેમનુ પાઘડીથી સન્માન કરવામાં આવે છે છતાં પણ કચ્છના મુસ્લિમ આગેવાન હાજી જુમા રાયમાએ જણાવેલ કે જ્યારથી મુસ્લિમ મુક્ત નવરાત્રીની જાહેરાત થઈ (અમુક નવરાત્રી આયોજકો દ્વારા જ જાહેરાત થાય છે ) ત્યારથી છેલ્લા કેટલાક સમયથી મુસ્લિમ સમાજના લોકો નવરાત્રીમાં જતા નથી અને આ વખતે પણ જે કોઈ એકલ દોકલ યુવાન જતા હશે તે લોકોને ખાસ વિનંતી કે નવરાત્રીના પ્રોગ્રામમાં ન જાય જેથી તમારી એક હરકતથી સમાજને નીચે જોવાનો વારો ન આવે કારણ કે કોઈ એકલ દોકલ વ્યક્તિ મુસ્લિમ સમાજનો જાય તેને પકડી મારકુટ કરતા વીડીઓ ઉતારીને સમાજમાં ફરતા કરવામા આવે છે તેથી તમામ યુવાનોને ખાસ વિનંતી કે નવરાત્રીમાં ન જાય અને વધુમાં હાજી જુમા રાયમાએ જણાવેલ કે ઈસ્લામ મઝહબએ એકતા અને ભાઈચારાનો સંદેશ આપે છે કે તમે તમારા હમવતની ભાઈઓ (ગમે તે ધર્મનો હોય) સાથે હળીમળીને રહો તેમની તકલીફો સહન કરજો પણ તેમને તકલીફ ન આપજો આ સંદેશ પર અમલ કરી તમામ હિંદુ ભાઈઓને અમે અમારા તહેવારોમાં આવકારી શું દુનિયાનો દરેક ધર્મ જોડવાનો અને એકતાનો સંદેશ આપે છે તોડવાનો સંદેશ આપે તે ધર્મ નહી અધર્મ છે હું દેશના તમામ નાગરીકોને વિનંતી કરીશ કે આવો આપણે હિંદુ નો ‘‘હ’’ અને મુસ્લિમનો ‘‘મ’’ ‘‘હમ’’ બની રહીએ એકબીજા પ્રત્યે એકબીજા ના તહેવાર પ્રત્યે લાગણી મોહબ્બત રાખીને કોઈ પણ ધર્મની લાગણી દુભાય તેવુ કૃત્ય ન કરીએ એજ આપણા ભારતની ઓળખ છે છેલ્લે હાજી જુમા રાયમાએ જણાવેલ કે ‘‘હિંદુ જીગર હે તો મુસલમાન જાન હે શીખ ઓર ઈસાઈ ઈસ દેશ કી પહચાન હે ઈન સબ કો મીલાકર બનતા હે વહી હમારા હિંદુસ્તાન હે’’

### રાષ્ટ્રીય અંધજન મંડળ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના

# વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ, શ્રેષ્ઠ શિક્ષકો, સંસ્થાના નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારંભ યોજાયો

હિંમતનગર, તા.૨૬

તા.૨૨/૦૯/૨૦૨૪ રવિવારના રોજ ઈડર શહેરના ટાઉનહોલ ખાતે રાષ્ટ્રીય અંધજન મંડળ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા શાખા ઈડરનો વિશિસ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ-શ્રેષ્ઠ શિક્ષકો તથા સંસ્થાના નિવૃત કર્મચારીઓના સન્માનનો ત્રિવિધ સન્માન સમારંભનું આયોજન સંતશ્રી શાન્તીરીજી મહારાજ વડીયાવીર, જ્ઞાનાનંદજી નવારેવાસ તથા સંત રામજીબાપા ધોલવાણીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો. ઉપરોક્ત કાર્યક્રમમાં ઈડર શહેરના શ્રેષ્ઠી કુલદીપસિંહ જાડેજા, ચેરમેન ઈડર નાગરિક સહકારી બેંક ઈડર, ઈડર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જયસિંહ તંવર સામાજિક કાર્યકર વિપુલભાઈ પરમાર. એલ.આઈ.સી. ઈડરના ડેવલોપમેન્ટ ઓફિસર ભરતભાઈ પંડિત હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના આદ્યસ્થાપક પ્રો.ભાસ્કરભાઈ મહેતાની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી હતી. સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ ગાંધી(હિંમતનગર), માનદ્ સામાન્ય મંત્રી શ્રીમતી સોનલબેન



(તસવીર : એફ. કે. મનસુરી, હિંમતનગર)

દોશી, ઉપપ્રમુખ ગોપાલસિંહ રાઠોડ (એન.જી. પ્રોજેક્ટ હિંમતનગર), તથા રમેશભાઈ શાહ તેમજ સર્વાનંદ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના ખજાનચી બીપીનભાઈ ઉપાધ્યાય અને વિશિષ્ટ શિક્ષિકા શ્રીમતી અલ્પાબેન ચોથાણીએ કર્યું હતું. ઉપસ્થિત મહેમાનો અને વાલીઓને સંસ્થાનો પરિચય ઉપપ્રમુખ ભરતભાઈ પંડ્યા એ કર્યો હતો. સંસ્થાના સહમંત્રી શ્રીમતી પ્રવિણાબેન મહેતાએ સંસ્થામાં હાલમાં ચાલતા અને ભવિષ્યમાં ચલાવવાના પ્રોજેક્ટ વિષે માહિતી આપી હતી . સંસ્થા તરફથી વિવિધ ક્ષેત્રે પહેલો, બીજો અને ત્રીજો નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સંતો અને ઉપસ્થિત મહેમાનોના હસ્તે ઈનામ આપવામાં આવ્યું હતું. સંસ્થાના હોદ્દેદારો અને મહેમાનો એ સંસ્થાને માતબર રકમનું દાન જાહેર કર્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ . પૂર્વેશ પંડ્યા એ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કન્વીનર હર્ષદભાઈ પટેલ અને સંસ્થાના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સિદ્ધપુર : તાલુકા કક્ષાએ યાજાયેલ કલા ઉત્સવમાં એડનવાલા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા



સિદ્ધપુર, તા.૨૬

તા.૨૫/૯/૨૦૨૪ને બુધવારે એલ.એસ. હાઈસ્કૂલ સિદ્ધપુર મુકામે તાલુકા કક્ષાનો કલા ઉત્સવ યોજાયો. જેમાં ક્યુ. ડી. સી. કક્ષાએ પ્રથમ નંબર મેળવેલ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંગીત વાદન, સંગીત ગાયન, બાળ કવિ, ચિત્ર સ્પર્ધા જેવી સ્પર્ધાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. એડનવાલા માધ્યમિક શાળા માંથી સંગીત વાદન-બીજો-મીર જૈદ જાવીદ ભાઈ, સંગીત ગાયન-બીજો -બલોચ રેહાન કરીમ ખાન, ઉચ્ચતર માધ્યમિક વિભાગ :-- સંગીત વાદન- પ્રથમ -મીર ઉસ્માન વીરદાન, બાળ કવિ- પ્રથમ--પીંઢારા મહેરબાનું આમીન હુસેન, સંગીત ગાયન-બીજો-ફકીર નઈશા ઈસ્માઈલશા, ભાગ લેનાર વિદ્યાર્થીઓને શ્રીમતી એ.સી મલેક તથા શ્રીમતી બી.એ કાજીએ માર્ગદર્શન આપ્યું હતું. આ સ્પર્ધા અંતર્ગત નંબર મેળવનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય વાય. એમ.સિપાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

# નડિયાદ પાલિકાના વોર્ડ નં.૬માં ઊભરાતી ગટરોના કારણે રોગચાળાની દહેશત

નડિયાદ, તા.૨૬

નડિયાદમાં આવેલા વોર્ડ નંબર છમાં છેલ્લા ઘણા સમયથી ઉભરાતી ગટરો અને ગંદકીના કારણે પ્રજા મુશ્કેલીમાં મુકાય છે વારંવારની રજૂઆત થતા પાલિકા તંત્ર આ વિસ્તાર તરફ ધ્યાન ના આપતું હોવાના આક્ષેપો રહીશો કરી રહ્યા છે. નડિયાદ નગરપાલિકાના વોર્ડ નંબર ૬ મરીડા રોડ પર આવેલી સુલતાન પાર્ક સોસાયટી, અબુ બકર સોસાયટી, શબનમ પાર્ક સોસાયટી, યાસીન પાર્ક સોસાયટી તેમજ આશરે બીજી દશેક સોસાયટી છે જ્યાં પ્રાથમિક સુવિધા જેવી કે રસ્તા, સ્ટ્રીટલાઈટ, ગટરના પાણીનો નિકાલ જેવી સુવિધાનો અભાવ હોવાનું પ્રજા કહે છે. આ વિસ્તારના લોકો રોષ પૂર્વક જણાવી રહ્યા છે કે અહીંયાના



મુખ્ય રસ્તા પર છેલ્લા ૧૦દિવસ થી ગટરો ઉભરાય છે અને નદીની જેમ ગંદુ પાણી રસ્તા પર વહે છે અહીંયાના રહીશોને મજબૂરીમાં આ ગંદા પાણી માંથી જ પસાર થવું પડે છે, આ ડ્રેનેજ લાઈન બહુજ વર્ષો જૂની છે અને અવારનવાર આવી સમસ્યા ઉભી થાય છે અનેક રજૂઆતો કરવા છતાં કાયમી ઉકેલ આવતો નથી. વોર્ડ નંબર ૬ના મ્યુન્સિપલ કાઉન્સિલર પણ કોઈ જાતનું ધ્યાન આપતા નથી. ગંદકીના કારણે આ વિસ્તારમાં રોગચાળાની શક્યતા સિવાય રહી છે. આ બાબતે પાલિકામાં આ વિસ્તારના લોકોએ રજૂઆત કરી છે છતાં પણ પાલિકાનું તંત્ર ધ્યાન ન આપતી હોવાનો પ્રજા આક્ષેપ કરી રહી છે.

### સંરક્ષણ દીવાલની કામગીરીને લઈ

# નડિયાદના શ્રેયસ અન્ડરબ્રિજ પરનો વાહનવ્યવહાર ૧૫ દિવસ માટે બંધ



સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨૬

નડિયાદ શહેરમાં વરસાદને પગલે શ્રેયસ અન્ડરબ્રીજની સુરક્ષા દિવાલ ધરાશાયી થઈ ગઈ હતી. જોકે પાલિકાએ તુરંત આ કાટમાળને હટાવી અન્ડરબ્રીજ પરનો વાહનવ્યવહાર ચાલુ કર્યો હતો. હવે પાલિકા દ્વારા અહીંયા આ ધરાશાયી થયેલી દીવાલને બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના પગલે ૨૫ સપ્ટેમ્બરથી ૯ ઓક્ટોબર સુધી ૧૫ દિવસ આ શ્રેયસ અન્ડરબ્રીજ પરનો વાહનવ્યવહાર બંધ કરાયો છે. જેથી વાહનચાલકો સહિત રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ અન્ડરબ્રીજ પરના ફુટપાથ પર ચાલવાની જગ્યાએ લોકો ટુવ્હિલરો ચલાવતા રાહદારીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. નડિયાદ શહેરમાં પૂર્વથી પશ્ચિમ વિસ્તારને જોડતો અતિ મહત્ત્વનો ગણાતો શ્રેયસ અન્ડરપાસ આગામી ૧૫ દિવસ માટે વાહનવ્યવહાર પર પ્રતિબંધ મુકાયો છે. આ અન્ડરપાસમા ધરાશાયી થયેલી સંરક્ષણ દિવાલની કામગીરી કરવાને લઈને આ અન્ડરબ્રીજ બંધ કરવામાં આવ્યો છે. અધિક કલેક્ટર દ્વારા જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. ત્યારે આ અન્ડરપાસ બંધ કરાયાના પ્રથમ દિવસે જ નગરજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# ધારીના કુબડા ગામે વૃદ્ધ પાસે ૫ કરોડની ખંડણી માંગનાર બે આરોપીઓ કલાકોમાં ઝડપાયા

અમરેલી, તા.૨૬

ધારીના કુબડા ગામે રહેતા એક વૃદ્ધને દોઢ લાખ બળજબરીથી કઢાવી, હવાલા પેટે દસ લાખ તથા પાંચ કરોડની ખંડણી માંગનાર આરોપીઓને ગણતરીની કલાકોમાં અમરેલી એલ.સી.બી. ટીમે પકડી પાડ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ છરીના કુબડા ગામે રહેતા દલસુખભાઈ પોપટભાઈ કોટડીયા, (ઉ.વ.૬૨), વાળાના રહેણાંક મકાને ગત તા.૧૪/૦૯/૨૦૨૪નાં શૈલેષ નાથુભાઇ ચાંદુ, (ઉ.વ.૩૩), રહે.દોલતી, તા.સાવરકુંડલા તેમજ મહેશ ઉર્ફે ભગો નાથાભાઈ જીકાદા, (ઉ.વ.૪૦), રહે.દોલતી, તા.સાવરકુંડલા, તથા અજાણ્યા બે ઈસમો ગે.કા. પ્રવેશ કરી, દલસુખભાઈને ગાળો આપી, તારો હવાલો મળેલ છે. તેમ કહી આ કામના આરોપીઓએ દલસુખભાઇ તથા તેમના પરીવારને જાન થી મારી નાખવાની ધમકી આપી, હવાલાના રૂા.૧૦ લાખ/- બે દિવસમાં તથા રૂા.૫ કરોડ એક મહિનામાં ચુકવી આપવાનું કહી, બળબજરીથી રૂા.૧,૫૦,૦૦૦/- કઢાવતા જે અંગે દલસુખભાઇએ ધારી પોલીસમાં ફરિયાદ નોંધાવતા અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ એ ઉપરોક્ત ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ, ફરિયાદી સાથે બળજબરીથી રોકડ કઢાવી, ખંડણી માંગનાર આરોપીઓને પકડી પાડવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જે અન્વયે અમરેલી એલ.સી.બી.પોલીસ ઈન્સ.એ. એમ. પટેલની



(તસવીર : મજીદખાન પઠાણ, અમરેલી)

રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ઉપરોક્ત ગુનામાં સંડોવાયેલ આરોપીઓની તપાસ તજવીજ દરમિયાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે સંડોવાયેલ બે આરોપીઓ શૈલેષ ચાંદુ તેમજ મહેશ ઉર્ફે ભગોને પકડી પાડ્યા હતા. પકડાયેલ આરોપીઓને આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી શૈલેષ ચાંદુ ઉપર અમરેલી જિલ્લામાં, સુરત અને સુરેન્દ્રનગર સહિત ૨૩ કેસ નોંધાયેલ હોય જેમાં હત્યા લૂંટ મારધાડ ગેરકાયદેસર હથિયાર રાખવા અંગેના ગુનાઓમાં અગાઉ કેસ નોંધાયેલ હોય ત્યારે આરોપી ફરી વખત આવી ગુનાહિત પ્રવૃત્તિ કરતા પોલીસે ગણતરીની કલાકોમાં પકડી પાડ્યા હતા.

# સિદ્ધપુરની ટી. એન્ડ એચ. એ. એડનવાલા ઉચ્ચતર માધ્ય. શાળામાં કન્યાઓ માટે શિક્ષણ સેમિનાર યોજાયો

સિદ્ધપુર, તા.૨૬

ટી. એન્ડ એચ.એ. એડનવાલા ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા.૨૫/૯/૨૦૨૪ના રોજ ધોરણ ૮થી ૧૨ની કન્યાઓ માટે એક મૂલ્ય શિક્ષણના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના માજી મેનેજિંગ ટ્રસ્ટી જહુરભાઈ મન્સૂરી, ડોક્ટર બીલાલ શેઠ, મહંમદ ઉંમર વોહરા(રીટાયર્ડ ચીફ એન્જિનિયર જીઇબી) તથા મહોતરમા સાજીયા શેખ આલીમા ફાઝીલા અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી. સેક્રેટરી જમાતે ઈસ્લામી મહિલા પાંખ અમદાવાદ, પ્રાથમિક શાળાના આચાર્ય સમીનાબેન શેખ, તેમજ શાળાના શિક્ષકોની ઉપસ્થિતિમાં યોજાયો. આ કાર્યક્રમમાં જનાબ મહંમદ ઉંમર વોહરાએ આજના સમયમાં નૈતિક મૂલ્યોના હનન પર તેમજ વિદ્યાર્થીઓને આજના સમયમાં



શૈક્ષણિક કારકિર્દી અને જીવનમાં સફળ બનવાનો માર્ગ બતાવ્યો હતો. આજના સેમિનારના મુખ્ય વક્તા મોહતરમા સાજીયા શેખ દ્વારા કુર્આન અને હદીસની રોશનીમાં મૂલ્ય શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું હતું. આપે જુદા-જુદા ઉદાહરણો દ્વારા દીકરીઓને નૈતિક મૂલ્યો અપનાવી સામાજિક અધપતનથી દૂર રહેવાની શીખ આપી હતી. તેમણે પોતાના પ્રવચનમાં દીકરીઓને પોતાના અને પોતાના કુટુંબને સમાજમાં સન્માનભેર જીવન જીવવાનું સૌભાગ્ય કેવી રીતે પ્રાપ્ત થાયતેની સમજ આપી હતી. તમામ દીકરીઓ સાજીયા બહેનના પ્રવચનને સાંભળી પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરશે એવો એક માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી બી.એ.કાજી દ્વારા કરવામાં આવેલું. કાર્યક્રમને સફળ બનાવવા તમામ સ્ટાફ મિત્રોએ સહકાર આપેલ. કાર્યક્રમની આભારવિધિ શ્રીમતી એ.સી.મલેક દ્વારા કરવામાં આવી હતી.

### અકસ્માત બાદ તંત્ર જાગ્યું

# હિંમતનગર : નેશનલ હાઈવે ડાયવર્ઝનનું બોર્ડ લગાવાયું



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૬

રાજ્યમાં જ્યારે કોઈ મોટી દુર્ઘટના બને ત્યારે જ તેની સામે તપાસ થાય છે અને તે અંગે સૂચનાના બોર્ડ લાગતા હોય છે. ત્યારે હિંમતનગરના સહકારી જિન વિસ્તારમાં નેશનલ હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. ૭ના મોત થયા બાદ હવે આગળ ડાયવર્ઝન બોર્ડ બપોરના સમયે લગાવ્યું હતું. હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં મોડાસિયા કડવા પાટીદાર સમાજવાડી સામે બુધવારે સવારે ઈનોવા કાર ટ્રેલર પાછળ ઘુસી ગઈ હતી. જેને લઈને ચાલક સહિત બેઠેલા આઠ પૈકી અમદાવાદના સાત યુવકોના મોત નીપજ્યા હતા. ત્યારબાદ તંત્ર દોડી આવ્યું હતું. બીજી તરફ ઉદેપુરથી અમદાવાદ નેશનલ હાઈવે ૪૮ પર ફોરલેનમાંથી સિક્સલેનની કામગીરી ચાલી રહી છે. ત્યારે અકસ્માતની મોટી ઘટના બની ઘટના બાદ બપોરે ૧ વાગ્યે બોર્ડ લગાવ્યું હતું કે, આગળ ૫૦૦ મીટર પર ડાયવર્ઝન છે.

# નવસારીમાં સરકારી કચેરીઓના ૨૦૦ મીટરની હદમાં જાહેરમાં ધરણા-ઉપવાસ કરવા પર પ્રતિબંધ

નવસારી, તા.૨૬

રાજ્યમાં ઠેર-ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિનપરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામે છે. નવસારી જિલ્લામાં પણ નાગરિકો પોતાની માંગણી, રજૂઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભૂખ હડતાલનું ઓચિંતુ અને મનસ્વી આયોજન કરી કચેરીમાં તેમજ જાહેરમાર્ગો પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. નવસારી જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને સલામતીને હાનિ ન પહોચે અને લોકોમાં સંવાદિતા જળવાય તે હેતુસર નવસારી. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કેતન પી.જોષીએ એક જાહેરનામાં દ્વારા મળેલી સત્તાની રૂએ નવસારી કલેક્ટર અને મેજિસ્ટ્રેટની કચેરી, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષક કચેરી, નવસારી તથા પોલીસ સ્ટેશનના કંપાઉન્ડ તથા તાલુકા ખાતે આવેલી તાલુકા મામલતદારની કચેરી, તાલુકા વિકાસ અધિકારીની કચેરી, પોલીસ સ્ટેશનના કંપાઉન્ડ તેમજ કંપાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભૂખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસો ભેગા થવા સભા/સરઘસ કરવા પર તાત્કાલિક અસરથી તા.૦૮/૧૦/૨૦૨૪ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સજાને પાત્ર થશે. આ હુકમ જે વ્યકિત સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, ફરજ પર તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

# સુરેન્દ્રનગરના ભેટ ગામે વીજળી પડતાં ૩૬ પશુઓનાં મોત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૬

સુરેન્દ્રનગર જિલ્લા અને તેના તાલુકા મથકમાં ગઈકાલે રાત્રેથી વરસાદ વરસવાનો શરૂ થયો હતો. તેવા સમયે મુળી તાલુકાના ભેટ ગામ ખાતે રાત્રીના એક વાગ્યાથી ૧:૩૦ વાગ્યાના અરસામાં અચાનક વરસાદ સાથે અવકાશી વીજળી પડતા માલધારીના ૩૬ બકરાઓના મોત નિપજ્યા છે અને માલધારી સમાજને આ ઘટનાની જાણકારી મળતા ઘટનાસ્થળ ઉપર તાત્કાલિક અસરે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બકરાઓના મોત નીપજવાના કારણે માલધારી

### માલધારી સમાજમાં શોકની લાગણી પ્રસરી



સમાજની રોજી રોટી છીનવાઈ ગઈ છે અને જેના ૩૬ બકરાઓ મોતને ભેટ્યા છે તે બહેન વિધવા હોવાના અને ૩૬ બકરા ઉપર તેમનું ગુજરાન ચાલતું હોવાનું તેમને જણાવ્યું હતું. સરકાર દ્વારા સર્વે કરવામાં આવે અને તેમને સહાય ચૂકવવામાં આવે તેવી પણ માલધારી સમાજ દ્વારા માંગ કરવામાં આવી છે.

# દાહોદ જિલ્લાના બહુચર્ચિત બોગસ બિનખેતી પ્રકરણમાં ફોજદારી ગુનો દાખલ કરવા જિલ્લા કલેક્ટરનો હુકમ

## જિલ્લા કલેક્ટરે સંદિગ્ધ હુકમો બાબતે રેવન્યુ સંલગ્ન ૭ અધિકારીઓને અધિકૃત કર્યા

દાહોદ, તા.૨૬
દાહોદમાં બહુચર્ચિત નકલી NAના હુકમો, નકલી, પ્રોપર્ટી કાર્ડ, તથા, વિવિધ કચેરીઓના બિનખેતી હેતુફેર, ઈ ધરા કેન્દ્ર, તાલુકા પંચાયત કચેરી, સિટી સર્વે કચેરી, જિલ્લા પંચાયત અને કલેક્ટર કચેરીના તેમજ તાલુકા પંચાયત કચેરીના અનેક હુકમો સંદિગ્ધ જણાઈ આવ્યા હતા. આ હુકમો સંદર્ભે જેતે કચેરીના નામનો ઉપયોગ કરી ખોટો હુકમ વિવિધ નોંધો દાખલ કરી ખોટા પ્રોપર્ટી કાર્ડ બનાવ્યા હોવાનું બહાર આવવા પામ્યું હતું. સમગ્ર રાજયમાં ખળભળાટ મચાવી મૂકનારા આ બનાવને ઊંડાણથી તપાસ કરવા માટે દાહોદ જિલ્લા સમાહર્તા યોગેશ નિર્ગુડેના માર્ગદર્શનમાં રેવન્યુ ખાતામાં થયેલ કથિત નકલી NAના હુકમો અને નોંધોની તલસ્પર્શી તપાસ કરવા માટે પ્રાંત અધિકારી એન.બી રાજપૂતના વડપણ હેઠળ ટીમની રચના કરાઈ હતી. જે બાદ પ્રાત અંધિકારી, મામલતદાર, તલાટી કમ મંત્રી, સર્કલ ઓફિસર, વિગેરેઓએ મળીને પ્રાથમિક અને સ્થળ ચકાસણી હાથ ધરી હતી. આ ચકાસણી દરમિયાન અંદાજે ૧૭૯ સર્વે નંબરોમાં અનેક ગેરરીતીઓ આચરાઈ હોવાનું સામે આવતા અને કેટલી અને કઈ રીતની ગેરરીતી થઇ છે. તેનો રિપોર્ટ નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારીએ કલેકટરને કર્યો હતો. દાહોદ જિલ્લા કલેકટરને થયેલા આ રિપોર્ટની ખરાઈ અને તપાસ પૂર્ણ થતા ઉપરોક્ત તમામ કચેરીઓમાં ખોટા હુકમોને સાચા તરીકે ઉપયોગ કરી નોંધો દાખલ કરી હતી. તેમજ પ્રોપર્ટી કાર્ડ પણ બનાવેલ હોવાનું જણાઈ આવતા અને આ બાબત ગુનાહિત હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતા જિલ્લા સમાહર્તાએ જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી દાહોદ, SLR દાહોદ, DILR દાહોદ, સિટી સર્વે સુપ્રીટેન્ડન્ટ દાહોદ, ચીટનીશ ટુ કલેક્ટર, થતા તાલુકા વિકાસ અધિકારી દાહોદને તેઓની કચેરીના નામનો ઉપયોગ કરીને રજૂ કરાયેલા સંદીગ્ધ હુકમો બાબતે ગુનો દાખલ કરવા અંગે અધિકૃત કરવામાં આવ્યા છે. કલેક્ટર કચેરીના હુકમો પરત્વે ,ચીટનીશ ટુ કલેક્ટર દાહોદને પોલીસ અધિક્ષક સાથે પરામર્શમાં રહી ગુનો દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવામાં આવ્યું છે. એટલું જ નહીં આ બાબતની જાણ અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગ, મહેસુલ વિભાગ, જમીન સુધારણા કમિશનર, મહેસુલ તપાસણી કમિશનરની કચેરી, ગાંધીનગર વિગરેને પણ જાણ કરવામાં આવી છે. ત્યારે કેટલા અને કોની સામે ગુનો નોંધાય છે. તે ખૂબ મહત્ત્વનું બની રહેશે. પોલીસ ફરિયાદમાં કયા સરકારી અધિકારીઓ, ભોગ બનશે, તેની ચર્ચા ચોરે અને ચૌટે થતી રહી છે.

### મોડાસાના કસ્બા બાલાપીર દરગાહના પાછળના ભાગમાં

# ભૂગર્ભ ગટરનું લેવલ બરોબર ન કરાતા ગટરનું ગંદું પાણી ઊભરાઈ રસ્તા પર ફેલાઈ જાય છે

## કુંડીઓ પર પાણીની લાઈન નંખાતા ગટરનું ગંદું પાણી મિક્સ થવાથી લોકોને દહેશત

મોડાસા, તા.૨૬
મોડાસા શહેર નગરપાલિકા તંત્ર દ્વારા ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કોર્પોરેશનના સાંનિધ્યમાં નખાયેલ ભૂગર્ભ ગટર યોજનાની પોલ ચાલુ ચોમાસાની સિઝનમાં ખૂલી ગયેલ છે. ભૂગર્ભ ગટરનું ગંદુ પાણી ઊભરાઈને બહાર આવી રસ્તાઓ પર ફેલાઈ જતા કામગીરીની પોલ ઉઘાડી થઈ ગઈ છે. કસ્બા બાલાપીર દરગાહના પાછળના ભાગમાં ભૂગર્ભ ગટર યોજનામાં નંખાયેલ પાઈપલાઈન યોગ્ય લાઈન-લેવલમાં નંખાયેલ નથી. બે પાઈપો વચ્ચે જરૂરી કોલર ન નાંખતા પાઈપો વચ્ચે જગ્યા રહી જતા ગટરનું પાણી ઊભરાઈને બહાર રસ્તા પર તથા રહેઠાણ વિસ્તારમાં ફેલાઈ જાય છે. ઉલ્ટાનું આ ગટર યોજનામાં બનાવાયેલ કુંડીઓ ઉપર નગરપાલિકાની પીવાના પાણીની લાઈન પસાર થાય છે. જેથી આ ગંદુ અને દૂષિત પાણી પીવાના પાણીની લાઈનમાં મિક્સ થઈ જવાની શકયતા સેવાઈ રહી છે. જેથી કસ્બા વિસ્તાર તથા બાલાપીર દરગાહ વિસ્તારમાં ભયંકર રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે. આખા લઘુમતી વિસ્તારના માર્ગોની હાલત પણ ખરાબ છે. નગરપાલિકા વહીવટી તંત્ર અને ચૂંટાયેલા કાઉન્સિલરો વચ્ચે ફોટો-સેશનની હરીફાઈ ચાલે છે પરંતુ ગંદકી દૂર કરવાની કે રસ્તા રિપેર કરવાની કોઈ હિલચાલ દેખાતી નથી. લઘુમતી વિસ્તારના એક માત્ર મુખ્ય માર્ગ સૂકાબજારથી મખદૂમ ચોકડી સુધીના રસ્તાની હાલત અત્યંત બદતર છે. નગરપાલિકા તંત્ર આ દિશામાં ત્વરિત કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઊઠવા પામી છે.



# હિંમતનગરના સહકારી જીન પાસે સર્જાયેલ અકસ્માત સ્થળની STB-SPએ મુલાકાત લીધી

## STB-SPએ નેશનલ હાઈવે ઓથોરિટીને સૂચનાઓ આપી



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

હિંમતનગર, તા.૨૬
સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં મોડાસિયા પાટીદાર સમાજવાડી સામે તા.૨૫મી સપ્ટેમ્બરના રોજ સવારે સર્જાયેલા ગોઝારા અકસ્માતને લઈ આજરોજ સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ (STB)ના SP સહિત વિવિધ અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી સ્થળનું નિરિક્ષણ કર્યું હતું. આ અંગેની વિગત એવી છે કે, હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં અમદાવાદ- ઉદેપુર નેશનલ હાઈવે ૪૮ પર મોડાસિયા કડવા પાટીદાર સમાજવાડી સામે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. શામળાજી તરફથી હિંમતનગર તરફ આવતી ઈનોવા કાર પુર ઝડપે ટ્રેલર પાછળ ઘુસી ગઈ હતી. જેમાં ઘટનાસ્થળે જ સાત લોકોના મોત થયા હતા. જે અંગે હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ઈજાગ્રસ્ત હની શંકરલાલ તોતવાનીની ફરિયાદ આધારે ઈનોવા ચાલક રોહિતભાઈ સુરેશભાઈ રામચંદાણી સામે અકસ્માતનો ગુનો નોંધી PSI એ.બી. ચૌધરી તપાસ કરી રહ્યા છે. અકસ્માતના બીજા દિવસે આજે સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ (S.T.B.)ના SP અર્પિતા પટેલ અકસ્માત સ્થળની મુલાકાતે આવ્યા હતા. તેમની સાથે NHAI, RTO અને એ ડિવિઝન પોલીસ, પ્રાંત અધિકારી, FSL અને ટ્રાફિકના અધિકારીઓ સહિતની ટીમો સ્થળ પર જોડાયા હતા. તેમની સાથે જ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. ગોઝારા અકસ્માત ના સર્જાય તેમજ તેના નિવારવા માટે કયા કયા પગલાં લેવા જોઈએ તેની ચર્ચા કરી હતી. આ જગ્યાએ સર્જાયેલા ગોઝારા અકસ્માતનું સ્પષ્ટ કારણ જાણવા અને ટ્રાફિકને લઈ ક્ષતિ અંગે નિરીક્ષણ હાથ ધર્યું હતું. તો સાથે સાથે નેશનલ હાઈવે પર અકસ્માતને લઈ અકસ્માત ડેટા અને બ્લેક સ્પોટ સહિતની વિગતો તૈયાર કરી રિપોર્ટ તૈયાર કરાશે. ઓવરસ્પીડ મામલે પણ સ્થાનિક પોલીસની કાર્યવાહી અંગે માહિતી મેળવી હતી. SP અર્પિતા પટેલે નેશનલ હાઈવે ઓથોરિટીને ડાયવર્ઝન, સાઈન બોર્ડ વગેરેને લઈ સૂચનાઓ આપી હતી.

### અંકલેશ્વરના રાજપીપળા-વાલિયા ચોકડી વચ્ચે

# સર્વિસ રોડ ચાલુ કરવા માટે અધિકારીઓએ બેઠક કરી



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૬
અંકલેશ્વરના પ્રાંત અધિકારીના અધ્યક્ષપણા હેઠળ અંકલેશ્વર રાજપીપલા ચોકડીથી GIDC વાલિયા ચોકડી સર્વિસ રોડ ચાલુ કરવા બાબતે મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં સંબંધિત અધિકારી સાથે વાતચીત કરી, રેલવેના અધિકારીએ આ બાબતે NOCની ચર્ચા કરી હતી. NHAI ૪૮ના અધિકારી સાથે પણ ચર્ચા કરી હતી. ધી ગુજરાત હાઈવે એક્ટ 1955 The Gujarat Highway Act 1955ની જોગવાઈ મુજબ ROWની જગ્યાનું દબાણ દૂર કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે અંકલેશ્વરના નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી ભવદીપસિંહ જાડેજા તથા મામલતદાર કરણ સિંહ રાજપૂત, તથા રેલ્વે, નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ હાજર રહ્યા હતા.

### ધાર્મિક કાર્યક્રમ

## લાખાવાડ ગામે હઝરત લીલાપીર દાદાના ઉર્સ શરીફની ઉજવણી કરાઈ

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના લાખાવાડ ગામે આવેલ હઝરત રોશન ઝમીર લીલાપીર દાદાનો ઉર્સ શરીફ શાનદાર રીતે ઊજવાયો હતો.

આ ઉર્સ પ્રસંગે દરગાહ શરીફમાં મિલાદ શરીફ, સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો-સલામ, સામૂહિક દુવાઓ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પીરેતરીકત સજ્જાદાબાપુ પીરજાદા, પાલીતાણાના પૂર્વ નગરપતિ હાજી હયાતખાન બ્લોચ, દરગાહ શરીફના ખાદીમ ગુલામ મુસ્તુફાભાઈ મેહતર (મુસ્તુબાપુ), પૂર્વ નગરસેવક કાળુભાઈ બેલીમ, હાફીઝ નાસિર અશરફી સાહેબ સહિતના હિન્દુ-મુસ્લિમ શ્રદ્ધાળુઓ લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કોમી એકતા અને ભાઈચારાના દર્શન થયા હતા.

# અંકલેશ્વર હાઈવે પર સુરત તરફ જતી લેન પર ૩ કિ.મી. લાંબો ટ્રાફિકજામ



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૬
અંકલેશ્વર હાઈવે પર સુરત તરફ જતી લેન પર ૩ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાતા વાહનોની કતારો જોવા મળી હતી. ભરૂચ જિલ્લામાં વરસાદ ખાબકતાં જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર-૪૮ બિસ્માર જોવા મળતા ટ્રાફિકજામની પરિસ્થિતિનું નિર્માણ થતાં વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવી રહ્યો છે ત્યારે આજરોજ ફરી અંકલેશ્વર હાઈવે પર સુરત તરફ જતી લેન પર ૩ કિલોમીટર લાંબો ટ્રાફિકજામ સર્જાતા વાહનોની કતારો જોવા મળી હતી. વરસાદના કારણે બિસ્માર માર્ગ અને વાલિયા ચોકડી નજીક સાંકડો માર્ગ હોવાથી રોજિંદી સમસ્યા ઉદભવી રહી છે ત્યારે વારંવાર સર્જાતી ટ્રાફિકજામની આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા તંત્ર અને પોલીસ વિભાગ યોગ્ય પગલા ભરે તે અત્યંત જરૂરી છે.

# હરીપર ગામ નજીક બ્રિજ પરથી ઝંપલાવી યુવકે આત્મહત્યા કરી

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૨૬
ધાંગધ્રા તાલુકાના હરીપર ગામ નજીક બ્રિજ પરથી ઝંપલાવી નર્મદા કેનાલમાં અજાણ્યા યુવાને આત્મહત્યા કરી. ગ્રામજનો અને ફાયર ટીમ દ્વારા હાલ લાશને કેનાલમાંથી બહાર કાઢી તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળ પહોંચી લાશનો કબજો મેળવીને ધાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ ધાંગધ્રા હરીપર ગામ નજીક હાઈવે પર બ્રિજ ઉપરથી એક અજાણ્યા યુવકે જમ્પ લગાવીને નર્મદા કેનાલમાં મોતને વહાલું કરી આત્મહત્યા કરી હતી ત્યારે અજાણ્યા યુવકની લાશ નર્મદા કેનાલમાંથી ગ્રામજનો તથા ધાંગધ્રા નગરપાલિકા ફાયર ટીમ બહાર કાઢી પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી લાશનો કબજો મેળવીને ધાંગધ્રાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યારે મરનાર વ્યક્તિ કોણ છે ક્યાંનો છે તેની હજુ કોઈ પણ ઓળખ થવા પામી નથી. આ યુવાન કોણ છે ક્યાંનો છે તે દિશામાં આગળની કાર્યવાહી તાલુકા પોલીસે હાથ ધરી છે.

### ભરૂચના મુન્શી મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ની ઉજવણી

ભરૂચ, તા.૨૬
મુન્શી મનુબરવાલા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટની જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૪' અંતર્ગત સ્વચ્છ ભારતની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા શાળા કેમ્પસ અને તેની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા કરી શાળાની આજુબાજુ રહેતા લોકોને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવી પર્યાવરણને પ્રદૂષિત ન કરવું જોઈએ તેની સમજ આપી હતી તથા પર્યાવરણ દૂષિત હશે તો દરેક વ્યક્તિ નાની મોટી બીમારીઓથી પરેશાન રહેશે. જેને




બચાવવાનો મુખ્ય ઉદ્દેશ આ અભિયાન દ્વારા સિદ્ધ થતો જોવા મળે છે. ત્યારબાદ બાળકોએ પ્રતિજ્ઞા લઈ પોતાનું મકાન અને આજુબાજુના વિસ્તારોને સ્વચ્છ રાખીશું અને પર્યાવરણને બચાવીશું તેવો દઢ સંકલ્પ લીધો હતો.

### પુનઃ હવાની ગુણવત્તા કથળી

# અંકલેશ્વરમાં ફરી એકવાર કૃત્રિમ ધુમ્મસનું આવરણ જોવા મળ્યું

## ધુમાડામાંથી રાસાયણિક વાસ સાથે આંખોમાં અસર



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૨૬
અંકલેશ્વરમાં પુનઃ હવાની ગુણવત્તા કથળી હતી. કૃત્રિમ ધુમ્મસનું આવરણ જોવા મળ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ વધતા ઉદ્યોગોમાંથી છૂટતાં કેમિકલ યુક્ત ધુમાડા જમીનથી ૧૦થી ૧૫ ઉપર આવરણ સ્થિર થઇ ગયું હતું. ધુમાડામાંથી રાસાયણિક વાસ સાથે આંખોમાં અસર જોવા મળી હતી. અંકલેશ્વર શહેર તેમજ આજુબાજુ વિસ્તારના વરસાદી માહોલ સાથે કૃત્રિમ ધુમ્મસ યુક્ત વાતાવરણ સર્જાયું હતું. અંકલેશ્વરમાં પુનઃ એકવાર કૃત્રિમ ધુમ્મસનું આવરણ જોવા મળ્યું છે. સતત વરસાદી માહોલ વચ્ચે ભેજનું પ્રમાણ વધ્યું છે. જેને લઈ હવા રહેલા રાસાયણિક તત્ત્વો જમીન લેવલ સુધી લેયર ઉભા કરી રહી છે. એટલું જ નહિ તેમાંથી વાસ આવી રહી છે. ઔદ્યોગિક વસાહત છોડીને તેનાથી આજુબાજુ ૧૦ કિમી આ પરિસ્થિતિ જોવા મળી રહી છે. જળ બાદ હવે હવા પ્રદૂષણ એ માઝા મુકતા પર્યાવરણવાદી અને શહેરી તેમજ ગ્રામ્યજનોમાં ભારે રોષ ફેલાઈ રહ્યો છે. જીપીસીબી દ્વારા આ મુદ્દે વિશેષ ગાઈડ લાઈનની એડવાઈઝરી પણ પ્રિ મોન્સૂન કામગીરીને ધ્યાને રાખી જારી કરી હતી. ઔદ્યોગિક વસાહતમાં ઈન્સિલેટર, સ્પે ડ્રાયર રાત્રીએ બંધ રાખવા તાકીદ કરી હોવા છતાં રાત્રી બાદ હવે દિવસની પરિસ્થિતિ વધુ ખરાબ થઇ રહી છે. છેલ્લા બે દિવસથી પવન સાથે વરસાદી માહોલ છવાયો છે. આ વચ્ચે ઉદ્યોગના ઈન્સિલેટરો બંધ ન કરવામાં આવતા ભેજયુક્ત વાતાવરણ વચ્ચે હવામાં ૧૦થી ૧૫ ઉંચાઈ પર રાસાયણિક તત્ત્વોનું આવરણ જોવા મળી રહ્યું છે. આ અંગે જીપીસીબી દ્વારા હવની ગુણવત્તા ચકાસવામાં આવી રહી છે. સાથે સાથે વિવિધ વિસ્તારમાં વાસના આધારે પેટ્રોલિંગ કરી હવા કઈ દિશામાંથી આવી રહી છે તે અંગે તપાસ શરૂ હતી.

### બે લાખ લોકોને થશે અસર

# આજે વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં ઓછા પ્રેશરથી પાણી અપાશે

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૬
વડોદરા પાલિકા હસ્તકના શેરખી ઈન્ટેકવેલ ખાતે આવેલી સરદાર સરોવર નિગમ લી નર્મદા કેનાલમાં સરદાર સરોવર નિગમ લી દ્વારા જરૂરી મેન્ટેનન્સની કામગીરી કરવાની હોવાથી શહેરીજનોને આજે સવારનું પાણી આપી શકાયું નથી.મેન્ટેનન્સની કામગીરી આજે સવારે ૧૦ વાગે શરૂ કરવાની હોવાથી શેરખી ઈન્ટેક વેલો ખાતેથી પાણી પુરવઠો મેળવી શકાયો નથી. જેથી ખાનપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી પાણી પુરવઠો મેળવતી શહેરની પશ્ચિમ વિસ્તારમાં આવેલી ગાયત્રી ટાંકીથી આજે સાંજનું પાણી વિતરણ હળવા દબાણે કે પછી ઓછા સમય માટે તથા મોડેથી કરાશે. જેથી ગાયત્રી ટાંકી વાસણા ટાંકી હરીનગર ટાંકી અને તાંદલજા ટાંકી ખાતેથી આવતીકાલે તા.૨૭ સવારે પાણીનું વિતરણ ઓછા દબાણથી ઓછા સમય માટે અને મોડેથી કરાશે.

### પ્રાદેશિક કમિશનરની કોર્ટના હુકમથી રાજકીય ક્ષેત્રે ગરમાવો

# લુણાવાડા પાલિકાના પૂર્વ પ્રમુખ ભ્રષ્ટાચારના કેસમાં દોષિત

## પાલિકાના કરેલ નુકસાન સંદર્ભે પૂર્વ પ્રમુખ પાસેથી ૩૦ દિવસમાં ૪૬.૫૫ લાખની રકમ વસૂલ કરવાનો આદેશ

લુણાવાડા,તા.૨૬
નજીકના સમયમાં નગરપાલિકાઓની ચૂંટણીઓ યોજાવાની છે. તેવા સમયે લુણાવાડા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જયેન્દ્રસિંહ વાય. સોલંકી વિરૂદ્ધ ભ્રષ્ટાચાર સાબિત થતાં નગરમાં રાજકીય ગરમાવો વ્યાપી જવા પામ્યો છે. લુણાવાડાની કોંગ્રેસ શાસિત નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા સત્તાનો દુરૂપયોગ કરી નાણાકીય નુકસાન કરવામાં આવતા પાલિકામાં પૂર્વ પ્રમુખ વિરૂદ્ધ પ્રાદેશિક કમિશનરની કચેરી દ્વારા કડક કાર્યવાહી કરાઈ છે. લુણાવાડા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જયેન્દ્રસિંહ વાય. સોલંકી દ્વારા નગરમાં નવા બનાવેલા ટાઉનહોલના બાંધકામ માટે ટેન્ડરની સમયમર્યાદા બાદ જૂના સ્થળ મુજબ એજન્સીને નવા સ્થળ પરનો વર્ક ઓર્ડર આપી નાણા ચૂકવી ભ્રષ્ટાચાર કર્યો હોવાનું સામે આવ્યું હતું. જે બાબતે પૂર્વ પ્રમુખે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૪૫ અન્વયે મળેલ સત્તાનો દુરૂપયોગ કરી ૪૬ લાખથી વધુના સરકારી નાણાનું પાલિકાને નુકસાન કર્યું હોવાનું પણ સામે આવ્યું છે. જેની પ્રાપ્ત વિગત મુજબ મંજૂર થયેલ સ્થળના માપ મુજબ ટાઉન હોલ બનાવવા ટેન્ડર પ્રક્રિયા માટે તમામ મંજૂરીઓ બાદ પાલિકા દ્વારા બહાર પડાયેલા ટેન્ડર બાદ મંજૂર થયેલ જમીન નહીં મળતા પૂર્વ પ્રમુખે અન્ય સ્થળ પર ટાઉન હોલ બનાવવા ઠરાવ કરી અન્ય જમીનના માપ મુજબ કોઈપણ પ્રકારની મંજૂરી મેળવ્યા વગર ટેન્ડરની સમયમર્યાદા પૂર્ણ થઈ ગયા બાદ પણ જૂના સ્થળ મુજબ એજન્સીને નવા સ્થળ પર ટાઉન હોલ બનાવવા વર્ક ઓર્ડર આપી નાણા ચૂકવી દીધા હતા. પાલિકાના ભાજપના પૂર્વ સભ્ય તેમજ જિલ્લાના પૂર્વ મહામંત્રી મૂળજી રાણા દ્વારા આ મામલે યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવા પ્રાદેશિક કમિશનર કચેરી (નગરપાલિકાઓ) વડોદરા ખાતે અરજી કરાતા પૂર્વ પ્રમુખ દ્વારા કરાયેલી ગેરરીતિ મામલે પ્રાદેશિક કમિશનરની કોર્ટમાં સુનાવણી થતા કમિશનર એસ. પી. ભગોરીએ આ મામલે પાલિકાને કરેલ નુકસાનની રકમ રૂા.૪૬,૫૫,૬૨૭ પૂર્વ પ્રમુખ જયેન્દ્રસિંહ વાય. સોલંકી પાસેથી હુકમના દિન-૩૦માં વસૂલ કરવાનો હુકમ કર્યો છે. જો તેઓ નિયત મુદ્દતમાં નાણા સરકારમાં જમા નહીં કરાવે તો જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવા પૂર્વ પ્રમુખ સામે પગલાં લેવા અંગે પાલિકાના ચીફ ઓફિસરને આદેશ કરાયો છે.

### લઘુમતી સમાજના ધાર્મિક સ્થળો પર બુલડોઝર કાર્યવાહી યથાવત્

# જૂનાગઢના મીરાનગરમાં આવેલ હઝરત મદદશાહ પીરની દરગાહ શહીદ કરાઈ

## દરગાહ કોઈપણ રૂપે નડતરરૂપ ન હતી, ૨૧મીએ નોટિસ આપી, આજે દબાણના નામે શહીદ કરાતા અકીદતમંદોમાં રોષ

જૂનાગઢ,તા.૨૬
લઘુમતી સમાજના ધાર્મિક સ્થળો પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવવાની કાર્યવાહી જારી છે. ટૂંક સમયની નોટિસ આપી તંત્ર વાહકો દ્વારા શ્રદ્ધાળુઓની આસ્થાને અવગણી નિર્દયતાપૂર્વક ધાર્મિક સ્થળોને તોડી પાડવામાં આવી રહ્યા છે. લોકોની આસ્થા સાથે ખિલવાડ કરતા તંત્ર સામે રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. આજરોજ જૂનાગઢ ખાતે ફરી એકવાર મુસ્લિમ સમાજના ધાર્મિક સ્થળને તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી શહીદ કરાતા શ્રદ્ધાળુઓમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે.જુનાગઢ શહેરમાં આજે ફરી દબાણ ઝુંબેશના નામે કલેક્ટર ઓફિસ સામે આવેલ મદદ શાહ પીરની દરગાહ શહીદ કરવામાં આવતા મુસ્લિમ સમાજે ભારે આઘાતની લાગણી અનુભવી છે. મીરા નગરમાં આવેલ દરગાહ કોઈપણ રૂપે નડતર રૂપ હતી નહીં . ગત તા ૨૧.૯.૨૪ ના રોજ જૂનાગઢ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર દ્વારા દરગાહનું દબાણ હટાવી લેવા માટે નોટિસ આપવામાં આવી હતી ત્યારબાદ આજે મીરા નગર ખાતે દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જેમાં મીરા નગર સોસાયટીમાં આવેલ મકાનોનાં આસામીઓ દ્વારા જે દબાણ કરવામાં આવ્યું હતું તે દબાણ , ઓટલા, ગેટ સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા છે.



# વડોદરા બન્યું ભૂવા નગરી, આખું મકાન ખાબકી જાય તેટલો મોટો ભૂવો પડ્યો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૬
વડોદરાના સમા વિસ્તારમાં આવેલી જય યોગેશ્વર સોસાયટી અને ભગીરથ સોસાયટીની વચ્ચેના જાહેર રસ્તા આખું મકાન ગરકાવ થાય એવો મસ મોટો ભુવો પડતા સ્થાનિક રહીશો ચોકી ઉઠ્યા છે. જો કે આ અગાઉ પણ આ જ વિસ્તારમાં ચાર ભુવા ચાલું વરસાદી સિઝનમાં પડી જવા સહિત આ પાંચમો મસ મોટો ભુવો છે. અંદાજિત ૨૦ વર્ષ અગાઉ નાખવામાં આવેલી લાઈનની માટી વરસાદમાં ધસી જવાના કારણે આ ભુવો પડ્યો હોવાનું સ્થાનિક લોકોનું કહેવું છે. જોકે અવારનવાર પાલિકા તંત્ર શહેરમાં પડતા ભુવા અંગે અગાઉના પાલિકા તંત્રને જવાબદાર ઠેરવતા હતા. પરંતુ પડેલા આ મસમોટા ભુવાથી હવે પાલિકા તંત્ર છટકી શકે એમ નથી. પાલિકા તંત્રના ભ્રષ્ટાચારની પોલ સ્થાનિક રહીશોના કહેવા પ્રમાણે ખુલ્લી પડી ગઈ છે. આ વિશાળ ભુવાને વહેલી તકે અન્ય કોઈ અકસ્માત સર્જાય એ અગાઉ ભ્રષ્ટ પાલિકા તંત્રે થીંગડા મારવા જરૂરી છે. જ્યારે બીજી બાજુ ટ્રાફિકથી ધમધમતા સર્કલ ચાર રસ્તા પાસે ગાય સર્કલને અડીને જ મસ મોટો ભુવો ફરી એકવાર શહેર પાલિકા પદાધિકારીઓની ભ્રષ્ટાચારની પોલ ઉઘાડી પાડી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, સંસ્કાર નગરી વડોદરા શહેર હવે જુદા-જુદા નામ જેવા કે કલાનગરી, મગર નગરી, ખાડોદરા ઉપરાંત ભુવા નગરી માટે પણ જાણીતી બની છે. કોઈપણ સીઝનમાં ગમે ત્યારે કોઈપણ વિસ્તારમાં નાના-મોટા ભુવા પડી રહ્યા છે.

### બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ

# બોડેલીમાં ધોધમાર વરસાદ પડ્યો

## ભારે પવનને લઈ ઝાડ ધરાશાયી

(સંવાદદાતા દ્વારા)
બોડેલી, તા.૨૬
બોડેલીમાં ગતરાતે બે કલાક સમયમાં દોઢ ઇંચ જેટલો ધોધમાર વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારના લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. જો કે વરસાદ બંધ થતાં લોકો હાશકારો લીધો હતો. ગઈકાલે બોડેલી પંથકમાં દિવસભર ભારે ઉકળાટ બાદ સમી સાંજે જોરદાર પવન ફૂંકાઈ વરસાદ પડતાં વાતવરણ ઠંડક પ્રસરી ગઈ હતી અને સાંજે ૬ વાગે વરસાદ ચાલુ થયો હતો રાતે ૧૨ વાગ્યાના સુમારે ધોધમાર વરસાદ પડતાં બે કલાકમાં દોઢ ઇંચ જેટલો વરસાદ ખાબકયો હતો જેને લઈ નીચાણવાળા વિસ્તારમાં પાણી વધતા રહીશોમાં ભયનો માહોલ છવાયો હતો. વાહનો અને બીજી અન્ય વસ્તુઓ ઊંચાઈવાળી જગ્યાએ મુકવાનું ચાલુ કર્યું હતું પરંતુ વરસાદ થંભી જતા રહીશોએ હાશકારો થયો હતો. બોડેલીમાં સાંજના ૬ વાગ્યાથી સવાર ૬ વાગ્યા ૧૨ કલાકમાં સવા બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. બોડેલી પથકમાં જોરદાર પવન સાથે વરસાદ પડતાં બોડેલી તાલુકાના ઝાંખરપુરા ગામે લક્ષ્મણ રામાભાઈ નાયકના ઘર પાસેનું ઝાડ તેઓના પતરાની અડારી પર પડ્યું હતું સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નથી.




**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ પટેલ આશિયાનાબેન યુનુસભાઈ હતું જે બદલીને નવું નામ આશીયાના પટેલ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સહી : આશીયાના પટેલ

સરનામું : ૧-૧૦૮, સુથાર ફળિયુ, મુ.કેશવણ, તા. વાગરા, જિ. ભરૂચ

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ : અલીમોહમદ અબ્દુલકાદર પાનવાલા છે. તે બદલીને નવું નામ : અલીમહંમદ અબ્દુલકાદર પાનવાલા કરેલ છે જેની નોંધ લેવી.

સરનામું : અબ્દુલરહેમાન સ્ટ્રીટ, વ્હોરવાડ, પ્રાંતિજ, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા.

**CHANGE OF NAME- SURNAME**

I HAVE CHANGED MY OLD NAME-SURNAME FROM **PATEL HARUNRASHID SAFIKBHAI** TO NEW NAME-SURNAME **DOSHIWALA HARUN MUHAMMADSHAFIK** & I WILL BE KNOWN AS NEW NAME-SURNAME WHICH PLEASE NOTE.

AD :- 6-32-2, KHANYA KHADKI PO. DEVLA TAL. JAMBUSAR DIST. BHARUCH-392040 GUJARAT.

**જાહેર નોટિસ**

આથી અમો સહી કરનાર અને જાહેર નોટિસ આપનાર મુખ્ય પ્રયોજક શ્રી ચૌહાણ ગૌતમ દિનેશભાઈ, 196 - વણકરવાસ, મુ. સાકોડ, તા. બાવળા જિ. અમદાવાદ જણાવીએ છીએ કે અમોએ (સૂચિત), શ્રી રોનક ક્રેડિટ એન્ડ સપ્લાય કો. ઓપ. સોસાયટી લિ. મું . સરોડા તા. ધોળકાની નોંધણી અંગેની પ્રક્રિયા શરૂ કરેલ છે અને સૂચિત સોસાયટી (મંડળી)નું કાર્યક્ષેત્ર સમગ્ર અમદાવાદ જિલ્લો (સીટી અને ગ્રામ્ય) વિસ્તાર કરવા કાર્યવાહી કરેલ છે. જેમાં કોઈ સંસ્થા, વ્યક્તિ, કંપની અથવા કોઈપણને વાંધો કે વિરોધ હોય તો દિન-૧૦માં નીચેના સરનામે અથવા જિલ્લા રજિસ્ટ્રાર સ.મં.(રૂરલ) અમદાવાદ, વસ્ત્રાપુર બહુમાળી ભવન, કચેરીમાં જાણ કરવી.
તા. ૨૫/૦૭/૨૦૨૪

સરનામું : શ્રી રોનક ક્રેડિટ એન્ડ સપ્લાય કો. ઓપ. સોસાયટી લિ., સરોડા મેઈન ગેટની બાજુમાં, વેરાઈ માતાના મંદિર સામે, મુ. સરોડા, તા. ધોળકા, જિ. અમદાવાદ

# સુરતના સીમાડામાં ગેરકાયદે કેમિકલના ગોડાઉનમાં આગ લાગતા અફરાતફરી : એકનું મોત, શેડ તોડી પાડવા આદેશ

## નવ કામદારોને દાઝેલી હાલતમાં બહાર કાઢી હોસ્પિટલ ખસેડાયા : રૂમની અંદર કારીગરો કામ કરતા હતા બહારથી તાળું મારી દેવાતું હતું, મેયરે મુલાકાત લીધી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૬

સુરત શહેરના સરથાણા સીમાડા વિસ્તારમાં આવેલા વાલમનગરમાં એક કેમિકલના ગોડાઉનમાં આજે સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. ગોડાઉનમાં આગ લાગતા આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ફાયરના કાફલાએ ઘટના સ્થળે દોડી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી ૯ કામદારોને દાઝેલી હાલતમાં બહાર કાઢી સારવાર માટે એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડયા હતા. જ્યાં એકનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે. મેયર ઘટના સ્થળે દોડી આવી ગેરકાયદેસર શેડ તોડી પાડવા આદેશ આપ્યા હતા. શહેરના સીમાડા વિસ્તારમાં આવેલા વાલમનગર વિભાગ-૧માં જયેશ વસાવા પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર શેડ બનાવી સાડી ટીંચીગનું કારખાનું ચલાવે છે. આજે સવારે અચાનક તેમના કેમિકલના ગોડાઉનમાં આગ લાગી હતી. ગોડાઉનમાં કેમિકલ હોય આગે ગણતરીની મિનિટોમાં ભયાનક સ્વરૂપ ધારણ કર્યું હતું. ગોડાઉનની અંદર કામ કરતા કામદારો ફસાઈ ગયા હતા. બીજી તરફ આગની જ્વાળાઓ ઉઠવા લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આસપાસના મકાનો ખાલી થઈ ગયા હતા. લોકોએ આગ ઓલવવા પ્રયાસ કર્યો પરંતુ કેમિકલ સળગતું હોવાના લીધે નિષ્ફળતા મળી હતી. લોકટોળાએ જાણ કરતા ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પાણીનો મારો ચલાવી આગ ઓલવવા પ્રયાસ કર્યો હતો જેમાં ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ કાબૂમાં આવી હતી. ગોડાઉનની અંદર ફસાયેલા ૯ કામદારોનું રેસ્ક્યુ કર્યું હતું. વધુમાં મળતી માહિતી અનુસાર વાલમનગરમાં આવેલા આ કેમિકલના ગોડાઉનમાં પતરાંના શેડનો ગેરકાયદે ડોમ બનાવાયો હતો, જે આગની ઝપેટમાં આવી ગયો હતો. આ દુર્ઘટનામાં એક કામદારનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. ૮ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગને કારણે ઉમરવાડા વિસ્તારમા રહેતો ૨૫ વષિય પરેશ વસાવાનું મોત થયુ છે. આ ઘટના બાદ મેયર દક્ષેશ માવાણી ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તાત્લીક ગેરકાયદેર બાંધકામ તોડી પાડવાના આદેશો આપ્યા છે. આ અંગે ફાયરબ્રિગેડના અધિકારીએ કહ્યું કે, ૫ લોકો ફસાયા હતાં. જેમને બહાર કાઢવામાં આવ્યા હતાં. એક મૃતદેહ પણ મળી આવ્યો છે. સમગ્ર પતરાનો શેડ ગેરકાયદેસર રીતે ઊભો કરવામાં આવ્યો હતો. તેમાં કેમિકલનો જથ્થો હોવાથી આગ લાગી ગઈ હતી. આ ઘટનામાં દાઝી ગયેલા અખિલેશ ઉર્ફે કુંદનના ભાઈ ભાભી ધર્મેન્દ્ર અને સુનિતાએ જણાવ્યું હતું કે કારીગરો રૂમની અંદર કામ કરતા હતા અને શેઠ દ્વારા બહારથી રૂમને તાળું મારી દેવામાં આવતું હતું. કોઈ કારીગર બહાર ગુટકા ખાવા કે ચા પીવા કે કોઈપણ પ્રકારનું ટાઈમપાસ કરવા નહીં જાય તે માટે તેઓને રૂમની અંદર જ કામ કરાવવામાં આવી રહ્યું હતું. આ ચોંકાવનારી વિગતો સામે આવતા પ્રશ્નનો ઉઠવા પામ્યા હતા કે અહીં કારીગરો પાસેથી કામ કરાવવામાં આવી રહ્યું હતું કે તેમને કેદીને જેમ રૂમની અંદર કેદ રાખીને કેદી જેવું કામ કરાવવામાં આવી રહ્યું હતું.

### દાઝેલા અખિલેશનો કામનો પહેલો જ દિવસ હતો

આગની આ ઘટનામાં દાઝી ગયેલા અખિલેશ ઉર્ફે કુંદનને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ અંગે ખબર પડતા તેની ભાભી સુનિતા અને ભાઈ ધર્મેન્દ્ર ત્યાં દોડી આવ્યા હતા. ત્યારે દંપતીએ કહયુ હતું કે અખિલેશ મૂળ બિહારનો વતની છે. જે જગ્યા પર ઘટના બની ત્યાં આજે તેનો પહેલો જ દિવસ હતો. આજે પહેલા દિવસે કામ ઉપર ગયો હતો. રૂમમાં તે કામ કરતો હતો અને અચાનક આગ લાગતા તે આગની ઝપેટમાં આવી ગયો હતો અને દાઝી ગયો છે.

### કારીગરોએ સૂઝબૂઝ વાપરી બારીમાંથી કૂદતા બચાવ થયો

કારીગર ધવલ વસાવાએ જણાવ્યું હતું કે તેઓ એક જ કુટુંબના છ જેટલા સભ્યો અહી સાથે કામ કરતા હતા.જેમાં નેહા વસાવા, રોહન વસાવા, કુંજરા વસાવા અને દિશાંત વસાવાનો સમાવેશ થાય છે .આજે સવારે બધા રૂમની અંદર પોતાનું કામ કરી રહયા હતા. ત્યારે રૂમમાં અચાનક આગ લાગતા ઝડપથી આખા રૂમની અંદર પ્રસરવા લાગી હતી. ત્યારે ભાગદોડ અને અરેરાટી મચી ગઈ હતી. આ પરિસ્થિતિ વચ્ચે તેણો અને અવિનાશે મળીને રૂમની બારી તોડી નાખી હતી. તમામને લઈને બારીમાંથી બાજુના મકાનની છત પર કૂદી ગયા હતા.મોત સામે જોઈને તેઓએ પોતાનો જીવ બચાવવા ત્રીજા માળ ઉપરથી બાજુના ધાબા ઉપર છલાંગ લગાવી દીધી હતી. જીવ જોખમમાં નાખતા તેઓ આગથી તો બચી ગયા હતા પરંતુ ઉપરથી કૂદવાથી શરીરે સામાન્ય નાની મોટી ઈજા પહોંચી હતી. જોકે તેઓનો જીવ બચી ગયો હતો.

### દર્દીઓને યોગ્ય સારવાર મળશે તેવું આશ્વાસન આપું છું : શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા

સરથાણાના વાલમનગર ખાતે બનેલી ગોઝારી ઘટનાને પગલે પોલીસ અને ફાયર વિભાગ સહિત તંત્ર દોડતું થઈ ગયું હતું. આગમાં દાઝી ગયેલા ૯ પૈકી પાંચ કારીગરોને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યારે શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયા તથા મેયર દક્ષેશભાઈ માવાણી હોસ્પિટલ ખાતે દર્દીઓના ખબર અંતર પૂછવા માટે દોડી આવ્યા હતા. પ્રફુલ પાનસેરીયા અને મેયર દક્ષેશ માવાણી સ્મીમેર હોસ્પિટલમાં સારવાર હેઠળ દર્દીઓને એક પછી એક મળીને તેમની ખબર અંતર પૂછી હતી સાથો સાથ તેમને યોગ્ય સારવાર મળશે તેવું પણ આશ્વાસન આપ્યું હતું. આ સિવાય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયા ત્યાં હાજર ડોક્ટર તેમજ સિનિયર આરએમઓ સહિતના અધિકારીઓને કહયુ હતું કે દર્દીઓને સારવાર આપવામાં કોઈ પણ પ્રકારની કચાશ રહેવી નહીં જોઈએ. દર્દીઓને સારામાં સારી સારવાર મળવી જોઈએ અને તેઓ જલ્દીથી સાજા જલ્દી થાય તેવા પ્રયત્ન કરવા માટે જણાવ્યું હતું.

### ઈજાગ્રસ્તોના નામ

જયેશ વસૌયા (ઉ.વ.૨૩), કુંજનબેન વસૌયા (ઉ.વ.૨૦), દિનેશ રબારી (ઉ.વ.૧૮), રોહિત વસાવા (ઉ.વ.૧૮), વિવેક વસાવા (ઉ.વ.૧૭), અખિલેશ યાદવ (ઉ.વ.૨૦), દિશાંત વસાવા (ઉ.વ.૧૭) અને વિકાશ રાય (ઉ.વ.૨૦)

# અઠવા પોલીસમાં ફરજ બજાવતો PSI એક લાખની લાંચ લેતા ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૬

શહેરના અઠવા લાઈન્સ પોલીસ મથકમાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર લલિત પુરોહિતની આજે બનાસકાંઠા એલસીબી દ્વારા એક લાખ રૂપિયાની લાંચ લેતાં રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યો હતો.પોલીસ કર્મચારી દ્વારા અરજીના આધારે પોલીસ ફરિયાદ દાખલ ન કરવા માટે ત્રણ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. જો કે, ફરિયાદીએ લાંચની રકમ વધારે હોવાનું જણાવતાં રકઝકને અંતે એક લાખ રૂપિયાની રકમ નક્કી થઈ હતી. જો કે, ફરિયાદીએ સમગ્ર ઘટના અંગે એસીબીમાં ફરિયાદ કરતાં એસીબીના અધિકારીએ છટકું ગોઠવીને પીએસઆઈ પુરોહિતને ઝડપી પાડ્યો હતો.

બનાસકાંઠા ખાતે રહેતા ફરિયાદી વિરૂદ્ધ અઠવા પોલીસ મથકમાં અરજી કરવામાં આવી હતી. જેની તપાસમાં જોતરાયેલા પીએસઆઈ લલિત પુરોહિતે અરજીના આધારે પોલીસ ફરિયાદ દાખલ ન કરવા માટે ફરિયાદી પાસેથી ત્રણ લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. બંને પક્ષો વચ્ચેભારે રકઝકને અંતે એક લાખ રૂપિયાની રકમ નક્કી થઈ હતી. ફરિયાદી દ્વારા એક લાખ રૂપિયાની લાંચ આપવાને બદલે બનાસકાંઠા એસીબીમાં આરોપી પોલીસ કર્મચારી વિરૂદ્ધ ફરિયાદ કરવામાં આવી અને જેને પગલે એસીબી પોલીસ દ્વારા પીએસ લલિત પુરોહિતને રંગે હાથ ઝડપી પાડવા માટેની રેલવે સ્ટેશન પાસે છટકુ ગોઠવ્યુ હતુ.જેના આધારે ગત રોજ ફરિયાદી એક લાખ રૂપિયાની લાંચ આપવા માટે આરોપી પીએસઆઈ પુરોહિતને સુરત રેલવે સ્ટેશનની સામે આવેલ બિસ્મીલ્લાહ હોટલ ખાતે પહોંચ્યો હતો. જયાં ફરિયાદી પાસેથી લાંચ લેતાં પીએસઆઈ પુરોહિત એસીબીના આબાદ ઝડપાઈ ગયો હતો. હાલમાં એસીબી દ્વારા આરોપી વિરૂદ્ધ પ્રાથમિક ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ઘોઘા પંથકમાં સૌથી વધુ છ ઈંચ મેઘમહેર

# ભાવનગરમાં સાડા ચાર ઈંચ વરસાદ ખાબકયો તળાજા પંથકમાં વીજળી પડતાં બે બળદનાં મોત

ભાવનગર,તા.૨૬

ભાવનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સાડા ચાર ઈંચ વરસાદ પડયો છે. જિલ્લામાં ૧ ઈંચથી લઈને ૬ ઈંચ સુધીનો વરસાદ પડયો હતો. રાત્રી દરમ્યાન સવા ઈંચ વરસાદ પડયા બાદ આજે દિવસભર વીજળીના ચમકારા સાથે ભારે વરસાદ પડયો હતો. સાંજ સુધીમાં શહેરમાં સવા ત્રણ ઈંચ જેટલો વરસાદ પડતા છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન શહેરમાં સાડા ચાર ઈંચ વરસાદ પડયો હતો. ભાવનગર ઉપરાંત જિલ્લાના ઘોઘામાં ૨૪ કલાક દરમ્યાન ૬ ઈંચ વરસાદ પડયો હતો. જયારે સિહોરમાં સાડા ચાર ઈંચ, મહુવામાં સવા ત્રણ ઈંચ, પાલિતાણા અને તળાજામાં અઢી ઈંચ, વલભીપુરમાં દોઢ ઈંચ વરસાદ પડયો હતો. જિલ્લાના ઉમરાળા, ગારિયાધાર અને જેસર તાલુકામાં એક-એક ઈંચ વરસાદ પડયો હતો. જિલ્લામાં એક ઈંચથી લઈને છ ઈંચ વરસાદ પડતાં નદી, નાળાઓમાં પૂર આવ્યા હતા. વાડી-ખેતરોમાં પણ પાણી ફરી વળ્યા હતા. તળાજા તાલુકાના બોડકી ગામમાં વીજળી પડવાથી બે બળદના પણ મોત થયા હતા. જિલ્લાભરમાં વરસાદના પગલે વાડી-ખેતરોમાં પણ પાણી ફરી વળતા ખેડૂતોને નુકસાન થયું હતું.

# સુરતના ડીઆઈએલઆર કચેરી લેન્ડ રેકોર્ડના નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટર એસીબીની ઝપેટમાં

## આવકના પ્રમાણમાં ૧૨૮.૭૫ ટકાથી વધુ અપ્રમાણસર મિલકતો હોવાથી એસીબીએ ધરપકડ કરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૬

સુરતના ડીઆઈએલઆર કચેરી લેન્ડ રેકોર્ડના નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટર એસીબીની ઝપેટમાં આવ્યા છે. નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટરની પોતાની કાયદેસરની આવક ૫૬,૯૬,૧૦૨ના પ્રમાણમાં પોતાના તથા પોતાના પરિજનોના નામે કુલ રોકડ અને ખર્ચ ૧,૩૦,૯૯,૨૮૨ કરેલાનું તપાસ દરમિયાન ફલિત થયું હતું. કાયદેસરની આવકના પ્રમાણમાં ૭૩,૩૩,૬૫૮ની વધુ સંપત્તિ વસાવેલાનું તપાસમાં જાણવા મળ્યું હતું, જે તેઓની આવકના પ્રમાણમાં ૧૨૮.૭૫ ટકાથી પણ વધુ અપ્રમાણસર મિલકતો હોવાથી એસીબીએ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. સુરતના ડીઆઈએલઆર કચેરીમાં લેન્ડ રેકોર્ડના તત્કાલિન ડિસ્ટ્રિકટ ઈન્સ્પેકટરની આવક કરતાં ૧૨૮.૭૫ ટકા વધારે અપ્રમાણસર મિલકત હોવાના કારણે એન્ટી કરપ્શન બ્યુરોએ તેમના વિરૂદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરી છે. ફરજ દરમિયાન ભ્રષ્ટાચાર કરીને પોતાના અને પોતાના આશ્રિતોના નામે ગેરકાયદે મિલકતો ખરીદી હતી. આવકના પ્રમાણમાં ૧૨૮.૭૫ ટકાથી પણ વધુ અપ્રમાણસર મિલકતો છે. એસીબીએ આલમસિંગની ૫૬.૯૬ લાખની આવક સામે ૧.૩૦ કરોડનું રોકાણ શોધી કાઢ્યું હતું. તપાસના અંતે તમામ વિગતોની એસીબીના નાણાકીય સલાહકાર દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આરોપી આલમસિંગ પોતાની કાયદેસરની ફરજ દરમિયાન પોતાના જાહેર સેવક તરીકેના હોદ્દાનો દુરૂપયોગ કરી ઈરાદાપૂર્વક ગેરકાયદેસર રીતે પોતે ધનવાન થવા માટે વિવિધ ભ્રષ્ટ રીતરસમ અપનાવી ભ્રષ્ટાચારથી નાણા મેળવી તે નાણાનો ઉપયોગ કરી પોતાના તથા પોતાના આશ્રિતોના નામે મિલકતો રોકાણ કરેલાનું પ્રાથમિક દૃષ્ટિએ ફલિત થયું હતું.

# વડોદરામાં વાવાઝોડાએ તબાહી મચાવી : ૩૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી, એક વ્યક્તિનું મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૬

વડોદરા શહેરમાં બુધવારે ૧૧૦ કિ.મી.ની ઝડપે ફૂંકાયેલા વાવાઝોડાએ ભારે તબાહી મચાવી છે. આ વાવાઝોડાને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ૩૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી છે. જેના કારણે ૫૦થી વધુ વાહનો દબાયા છે. ફાયર વિભાગની ટીમ ગઈકાલ સાંજથી રસ્તા પડી ગયેલા ઝાડને હટાવવાની કામગીરી હાથ ધરી છે. વડોદરા શહેરની સાથે જિલ્લાના અનેક વિસ્તારમાં પણ ભારે વરસાદે તારાજી સર્જી છે. ઝાડ નીચે દબાઈ જવાથી પાદરા તાલુકાના પીપળી ગામના કિરણસિંહ રાઠોડનું મૃત્યુ થયું છે. ૫૦ વર્ષીય કિરણસિંહ પાદરાથી પોતાનું બાઈક લઈને પોતાના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તામાં નીલગીરીનું ઝાડ તેમના ઉપર પડતા માથામાં ગંભીર ઈજા થતાં તેમનું મૃત્યુ થયું હતું. વડોદરામાં વાવાઝોડા સાથે તૂટી પડેલા ધોધમાર વરસાદના કારણે ઠેર-ઠેર વૃક્ષો ધરાશાયી થવાની સાથે પશુઓના દબાવાની પણ ઘટનાઓ બની. ગાજરાવાડી વિસ્તારમાં વૃક્ષો નીચે ઘોડા દબાતા હતા જેમને ફાયર વિભાગની ટીમે રેસ્ક્યુ કર્યા હતા. જ્યારે કિશનવાડી વિસ્તારમાં એક મકાન નજીક બકરા દબાતા તેમને પણ રેસ્ક્યુ કરાયા હતા. હાલ યુદ્ધના ધોરણે તૂટી પડેલા વૃક્ષોને હટાવી રસ્તા ખુલ્લા કરવાની તેમજ વાહનો બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી રહી છે. ફાયર બ્રિગેડને હજુ પણ વૃક્ષો ધરાશાયી થવા સહિતના વિવિધ કોલ મળી રહ્યા છે.

### અનેક વાહનો અને પશુ દબાયા

### ફાયર વિભાગનો કર્મચારી થયો ઘાયલ

વૃક્ષા હટાવવાની કામગીરી દરમિયાન એક દુર્ઘટના ઘટી. વાઘોડિયા રોડ પર વીજ પુરવઠો ચાલુ રહી જતાં પાણીગઢ પારસ સ્ટેશનના શામળભાઈ નામના ફાયરકર્મીને વીજ કરંટ લાગ્યો. જેના કારણે તેમના હાથમાં ઈજા પહોંચી હતી.

# કોડીનારમાં ૩ ઈંચ ધોધમાર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

## ગ્રામ્ય વિસ્તારોમાં ૨થી ૪ ઈંચ સુધી વરસાદ પડતા ખેતરો પાણીથી તરબોળ

કોડીનાર, તા.૨૬

લાંબા સમયના વિરામ બાદ આજે વહેલી સવારથી મેઘરાજે ગીર પંથકને ઘમરોળવાનું મન બનાવ્યું હોય તેમ કોડીનાર શહેર અને તાલુકા ભરમાં આજે વહેલી સવારથી વાતાવરણ પલટતા સમગ્ર તાલુકામાં સવારથી જ ધીમીધારે વરસાદ શરૂ થયો હતો.જે આજે સાંજ સુધીમાં ત્રણ ઈંચ વરસાદ ખાબકી ચૂક્યો છે. કોડીનારમાં આજના ત્રણ ઈંચ વરસાદ સાથે મોસમનો ફૂલ ૪૦ ઈંચ વરસાદ નોંધાયો છે. કોડીનારમાં આજે ૩ ઈંચ જેટલો વરસાદ થતાં કોડીનારના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. આમ છતાં વાહન વ્યવહાર પૂર્વવત છે. કોડીનારના પાણી દરવાજા મુખ્ય રોડ, બસ સ્ટેન્ડ વિસ્તાર સુગર ફેકટરી રોડ, હરિ ૐ ચોક સહિતના વિસ્તારમાં પાણી ભરાયા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તરોમાં ૨થી ૪ ઈંચ સુધી વરસાદ પડતા ખેતરો તરબોળ થયા હતા. તૈયાર પાકમાં પિયતની રાહ જોઈ રહેલા ગીરના ખેડૂતોમાં વરસાદને લઈને આનંદ વ્યાપ્યો છે. હજુ વધુ વરસાદ થાય તો પણ કાંઈ વાંધો નથી. ખેતરોમાં ઉભેલી મોલાતને જીવતદાન મળ્યું છે. જોકે વરસાદે વિરામ લેતા અસહ્ય ગરમી પડતી હતી જે આજે મેઘરાજા એ મન મુકીને હેત વરસાવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં શહેરીજનોમાં ખુશી છવાઈ છે.

### વાપીની આરતી ઈન્ડસ્ટ્રીઝની ઝઘડિયાની કંપનીમાં ટેન્કર જતું હતું

# સલ્ફ્યુરિક એસિડ ભરેલ ટેન્કરમાંથી લીકેજ થતાં ખાનગી બસના ૬ કર્મચારીઓ દાઝયા

વાપી, તા.૨૬

વાપીથી આરતી ઈન્ડસ્ટ્રીઝનું ટેન્કર સલ્ફ્યુરિક એસિડ ભરીને વાપીથી ઝઘડિયા તરફ નીકળ્યું હતું ત્યારે બલીઠા નેશનલ હાઈવે પર પહોંચતા ટેન્કરનો ઢાંકણ ખોલતા લ્યો જેથી બાજુમાં ચાલતી બસના લોકો દાઝી ગયા હતા. મળતી માહિતી મુજબ આજરોજ એક ટેન્કર નંબર એમ.એચ .૦૪. કે.યુ.૩૬૩૬ વાપી આરતી ઈન્ડસ્ટ્રીઝ ખાતેથી ઝઘડિયા આરતી ઈન્ડસ્ટ્રીઝ કંપની ખાતે સલ્ફ્યુરિક એસિડ ભરીને મોકલાવ્યું હતું જે ટેન્કર આજ રોજ બલિઠા નેશનલ હાઈવે નંબર ૪૮ પર પહોંચતા ટેન્કરના ઉપરના ઢાંકણનો નટ બોલ્ડ લૂઝ થઈ ગયો હતો જેના કારણે ટેન્કરમાંથી સલ્ફ્યુરિક એસિડ છલકાવા લાગ્યા હતા અને બાજુમાં ચાલતી એક ખાનગી કંપનીની બસમાં સવાર કર્મચારીઓ બેઠા હતા જેને લાગી જતા ૬ કર્મચારીઓ દાઝી ગયા હતા જે બાદ તમામ કર્મચારીઓને કંપનીની એમ્બ્યુલન્સ મારફતે વાપીની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા ૩ કર્મચારીઓને પ્રાથમિક સારવાર આપી રજા આપી હતી અને બીજા ત્રણ કર્મચારીઓને ઓબ્ઝર્વેશન પર રાખ્યા છે. ડ્રાઈવરના જણાવ્યા મુજબ કંપનીના વર્કરો સલ્ફ્યુરિક એસિડ લોડ કરી ટેન્કરના ઢાંકણને સરખી રીતે ટાઈટ ન કરતા આ બનાવ બન્યો છે ઉલ્લેખનીય છે કે કંપનીની બેદરકારીથી નેશનલ હાઈવે ઉપર ચાલતા વાહનચાલકોના જીવ તડવે ચોટ્યા હતા.

# પાંડેસરામાં ચોરીના ઈરાદે આવેલ તસ્કરોએ મૂર્તિ ખંડિત કરી : બે આરોપી ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૬

પાંડેસરા વડોદ ગામમાં રામનગર પાસે આવેલા હનુમાન મંદિરમાં રાત્રિના સમયગાળા દરમિયાન અજાણ્યા ચોરોએ પ્રવેશ કરી ચાંદીની મૂર્તિ ચોરી કરવાના ઈરાદે પથ્થર વડે મૂર્તિને ખંડિત કરી હતી. જોકે તેઓ ચોરી કરવામાં નિષ્ફળ રહેતા મૂર્તિને ત્યાં જ મૂકી ફરાર થઈ ગયા હતા. આ મામલે બનાવની જાણ થતા પાંડેસરા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે હાલમાં બંને યુવકને ઝડપી પાડ્યા છે. પાંડેસરા વિસ્તારમાં વડોદ ગામ ખાતે આવેલ રામનગરમાં હનુમાન મંદિર આવેલું છે. જેમાં ૫૬ વર્ષીય રામબાબુ લલ્લુ શાહુ મંદિરમાં પૂજારી તરીકે કામ કરે છે. ગત તારીખ ૧૮/૯/૨૦૨૪ના રાત્રે ૯ વાગ્યાથી તારીખ ૧૯/૯/૨૦૨૪ના સવારે સાત વાગ્યાના સમયગાળા દરમિયાન મંદિર બંધ હતું. ત્યારે ચોરોએ મંદિરમાં પ્રવેશ કર્યો હતો. મંદિરમાં સ્થાપના કરવામાં આવેલા ચાંદીના વરખવાળી હનુમાનની મૂર્તિની ચોરી કરવા માટે પથ્થર વડે મૂર્તિને ઉખાડવાની કોશિશ કરી હતી. જેના કારણે મૂર્તિ ખંડિત થતાં તેઓ ભાગી ગયા હતા. બીજા દિવસે સવારે મંદિર ખુલતાની સાથે જ ભક્તોને આ બનાવની જાણ થઈ હતી બનાવને પગલે પૂજારી રામબાબુ એ પાંડેસરા પોલીસને જાણ કરતા પોલીસ ઘટના પહોંચી ગઈ હતી. લોકોની ધાર્મિક લાગણી દુભાઈ હોવાથી પાંડેસરા પોલીસે તાત્કાલિક ચોરો સામે ગુનો દાખલ કર્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ ચાલુ કરતાની સાથે જ બેને પોલીસે ઝડપી પાડ્યા છે. હાલ તો તેઓને અટકાયત કરી તેઓની સામે ધાર્મિક લાગણી દુભાવવાનો અને મંદિરમાંથી હનુમાનની મૂર્તિ ચોરી કરવાની કોશિશનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં મિલકત મામલે મોટા ભાઈએ નાના ભાઈનું ઢીમ ઢાળ્યું : જેઠ-જેઠાણી સામે ફરિયાદ

પાલનપુર, તા.૨૬

પાલનપુરના કોલેજ કમ્પાઉન્ડ વિસ્તારમાં આવેલ બેંક સોસાયટી પાસે ભંગારની ફેરી કરી રહેલા એક યુવકની છરીના ઉપરા ઉપરી ઘા મારીને હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી જવા પામી છે જોકે મિલકત મામલે મૃતકની તેના મોટા ભાઈ દ્વારા જ ઢીમ ઢાળી દેવામાં આવતા મૃતકની પત્નીએ તેના જેઠ જેઠાણી વિરૂદ્ધ પોતાના પતિની હત્યા કરવાનો ગુનો દાખલ કરવામાં આવતા પોલીસે આરોપીઓને ઝડપી લેવાની તજવીજ હાથ ધરી હતી.

જર જમીનને જોરૂ આ ત્રણેય કાજિયાના છોરૂ કહેવતને સાર્થક કરતી ઘટના પાલનપુરમાં સામે આવી છે જેમાં શહેરના સલેમપુરા દરવાજા વિસ્ત ારમાં રહેતા અને ભંગાર ખરીદવાની ફેરી કરતા ગોપાલભાઈ ઈશ્વરભાઈ પટણીની તેમના મોટા ભાઈ દ્વારા મિલકત મામલે હત્યા કરવામા આવી છે ગોપાલભાઈ ગુરૂવારે સવારે ૧૧-૩૦ વાગ્યાના સમયે શહેર કોલેજ કમ્પાઉન્ડ વિસ્તારમાં આવેલ બેંક સોસાયટી પાસે ફેરી કરી રહ્યા હતા દરમ્યાન તેમના મોટા ભાઈ અશોકભાઈ ઈશ્વરભાઈ પટણી અને તેમના ભાભી રમીલાબેન અશોકભાઈ પટણી અહી આવી ચડી ગોપાલભાઈ સાથે ઝઘડો કરી અશોકભાઈએ તેમની પાસે રહેલ છરા વડે ગોપાલભાઈ પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી બનાવમાં પગલે લોકો દોડી આવતા હુમલાખોર દંપતી ભાગી ગયું હતું જોકે ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યા તેમનું મોત નિપજ્યું હતું જેને લઈ મૃતકની પત્નીએ પોતાના પતિની હત્યા કરનાર જેઠ જેઠાણી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓને ઝડપી લેવામાં ચક્રોગતિમાન કર્યા હતા.


### પ્રભાસ પાટણમાં ઓલિયા-એ-દીન કમિટીના પ્રમુખ અ.કરીમ અલ્લાહની રહેમતમાં

પ્રભાસ પાટણના ઓલિયા-એ-દીન કમિટીના પ્રમુખ અબ્દુલ કરીમ ઉર્ફ બાબાભાઈ બેકરીવાળાનું આજરોજ ઈન્તેકાલ થયો છે.પ્રભાસ પાટણના બાબાભાઈ બેકરીવાળાનું



ઈન્તેકાલ થતાં દુઃખની લાગણી જોવા મળી હતી. હિન્દુ અને મુસ્લિમ સમાજને સાથે લઈને ચાલવાવાળા એ બાબાભાઈ બેકરીવાળા આજે અલ્લાહને પ્યારા થઈ ગયા છે. બાબાભાઈ હાલ પ્રભાસ પાટણની ધાર્મિક જગ્યાઓની લડત માટે ગાંધીનગર ગયેલ હોય અને ત્યાં જ તેમનો ઈન્તેકાલ થયો હતો. તેમના ઈન્તેકાલથી મુસ્લિમ સમાજમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.

# નવસારીમાં જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો



નવસારી, તા.૨૬

જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ, કાલિયાવાડી, નવસારી ખાતે યોજાયો હતો. જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં વિવિધ વિષયને લગતાં ૧૦ જેટલા પ્રશ્નો રજૂ થયા હતાં. કલેક્ટરએ તમામ અરજદારોના પ્રશ્નો શાંતિપૂર્વક સાંભળી, અરજદારોની મળેલી ફરિયાદોની હકારાત્મક નિકાલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું. કલેકટરએ જે તે વિભાગના પ્રશ્નોનો સમયમર્યાદમાં નિકાલ કરવા સંબંધિત અધિકારીઓને તાકિદ કરી હતી.બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતા, જિલ્લા પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ, નિવાસી અધિક કલેક્ટર કેતન પી.જોષી, પ્રાંત અધિકારીઓ, અધિકારીઓ, અરજદારો ઉપસ્થિત રહ્યા હતાં.

### વડોદરા રેલવે સ્ટેશન પર

# મહિલા ટીટીઈ અને બે પ્રવાસીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી

## ટિકિટ વગર મુસાફરી કરવા મુદ્દે મામલો બિચક્યો, સામસામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૬

ગાંધીધામ-બેંગ્લોર એક્સપ્રેસ ટ્રેનના રિઝર્વેશન કોચમાં ટિકિટ વગર ઝડપાયેલા બે પ્રવાસીઓને દંડ ભરવાનું કહેતાં મહિલા ટીટીઇ અને બે પ્રવાસી વચ્ચે ઉગ્ર બોલાચાલી અને મારામારી વડોદરા રેલવે સ્ટેશન પર થતા જાહેરમાં તમાશો થયો હતો. વડોદરાના નવાપુરા વિસ્તારમાં પ્રેરણા કોમ્પ્લેક્ષમાં રહેતા ટીટીઇ મંજુલા સુરેશભાઇ ચૌહાણે રેલવે પોલીસમાં નવસારી જિલ્લાના જલાલપુર તાલુકાના વિજલપોર ગામે મારૂતિનગરમાં રહેતા અર્ચના મહેશભાઇ પાટિલ અને તેના ભાઇ મંજુલા સુરેશભાઇ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ટ્રેનમાં હું પ્રવાસીઓની ટિકિટ ચેક કરતી હતી ત્યારે દરવાજા પાસે ઊભેલા બે પ્રવાસીઓ પાસે ટિકિટ માંગતા બંનેએ અમે અમદાવાદથી ઉતાવળમાં ટ્રેન પકડી એટલે ટિકિટ લીધી નથી તેમ કહ્યું હતું જેથી મેં બંનેને ક્યાં જવાનું છે તેમ પૂછતાં બંનેએ વડોદરા જવાનું છે તેમ જણાવતા મેં રૂા.૧૦૫૦ દંડ ભરવાનું કહ્યું હતું. આ વખતે અર્ચનાબેને દંડ ઓછો કરવાનું કહ્યુ ત્યારે વડોદરા રેલવે સ્ટેશન આવી જતા બંનેએ અમારે સુરત જવાનું છે તેમ કહી દંડ ઓછો કરવાનું ફરી જણાવેલ આ વખતે મેં દંડ ભરીને તમે સુરત જાઓ તેમ કહેતાં બંનેએ અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું અને રાધેશ્યામે તેની બહેનને તું ટ્રેનમાં બેસી જા હું ટીટીઈને જોઇ લઇશે તેમ કહેતાં મેં બંનેને રોકતા રાધેશ્યામે મને તમાચો મારી દીધો હતો અને તેની બહેને મારો કોલર પકડી ધમકી આપી હતી. સામે પક્ષે અર્ચના પાટિલે ટીટીઇ મંજુલા ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે વડોદરા રેલવે સ્ટેશન આવી જતા ટીટીઇએ અમને બંનેને ઉતારી દીધા હતા અને દંડ ભરવાનું કહી અપશબ્દો બોલી મારા કપડાં પકડીને ખેંચીને ટીટીઇની ઓફિસમાં પબ્લિકની વચ્ચે લઇ ગયા હતાં અને ટીટીઇએ તને હું જોઇ લઇશ હું કહું છું એ દંડ ભરવો જ પડશે તેમ કહી મને ઈજા પહોંચાડી હતી.

# સુરતમાં કડાકા-ભડાકા સાથે વરસાદ વીજળી પડતાં ૩ સંતાનોના પિતાનું મોત

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૨૬

સુરતમાં કડાકા ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. ગતરોજ સુરતના અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાતા સ્થિતિ કફોડી થઈ હતી. ત્યારે પાલ આરટીઓ વિસ્તારમાં વીજળી પડતાં એક યુવકનું મોત નીપજ્યું હતું. પરપ્રાંતિય શ્રમિક યુવકના મોતને લઈને ૩ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવવાની નોબત આવી હતી. મુળ યુપીના વતની હાલ પાલ આરટીઓ નજીક તાપી કિનારે ઝુંપડપટ્ટીમાં રહેતા ૩૫ વર્ષિય શ્રીરામ સાહની તાપી નદીમાં રેતી કાઢવાની મજૂરીકામ કરીને પત્ની સહિત ૩ સંતાનોનું ગુજરાન ચલાવતા હતાં. વરસાદ હોવાથી તેઓ કામ પર ગયા ન હોતા. આ દરમિયાન વીજળીના કડાકા ભડાકાં થતાં તે ઘરની બહાર નીકળ્યો હતો. આ દરમિયાન જ તેના પર અચાનક વીજળી પડી હતી. જેથી તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ લોકો દોડી આવ્યા હતા. તાત્કાલ ૧૦૮ને બોલાવવામા આવી હતી. ત્યારબાદ સિવિલમા લઇ જવાતા તબીબોએ મૃત જાહેર કયો હતો. આ અંગે મૃતકના પરિવારજન જયરામ સાહનીએ કહ્યું કે, શ્રીરામ સાહની પત્ની અને ૩ બાળકો સાથે રહેતો હતો. અમારી સરકાર પાસે એક જ માગ છે કે, તેને યોગ્ય વળતર આપવામાં આવે.

# મોડાસાની પીપલ્સ સહકારી શરાફી મંડળી કૌભાંડમાં ૨૯ આરોપીઓ દોષિત જાહેર

મોડાસા, તા.૨૬ : અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં વર્ષ ૨૦૧૨ના પીપલ્સ સહકારી શરાફી મંડળી કૌભાંડ કેસમાં કોર્ટનો મહત્વનો ચુકાદો. આ કૌભાંડમાં રૂા.૧૩ કરોડની નાણાકીય ઉચાપતના કેસમાં ૨૯ આરોપીઓને દોષિત જાહેર કરવામાં આવ્યા છે. મોડાસા ટાઉન પોલીસ મથકે આ મામલે ફરિયાદ નોંધવામાં આવી હતી. આ કેસમાં ચાર આરોપીઓનું મોત થઈ ચૂક્યું છે અને એક હાલ સારવાર હેઠળ છે. મોડાસાની ચીફ જ્યુડિશિયલ કોર્ટે આ દોષિતોને સજા ફટકારી છે અને સાથે દંડ પણ લાદ્યો છે. કૌભાંડમાં ચેરમેન, ડિરેક્ટરો અને મેનેજર સહિતના લોકો સામેલ હતા, જેણે ગરીબો, વિધવાઓ, ટ્રક ડ્રાયવરો અને અન્ય શ્રમજીવીઓની કઠિન કમાણી ડૂબાડી દીધી હતી. આ નિર્ણયની ઘડતળે અસરગ્રસ્ત પરિવારોમાં ખુશીની લહેર જોવા મળી હતી. આ નિર્ણયથી થાપણદારોને તેમને પોતાના પરસેવાની કમાણી પરત મળશે એવી આશા બંધાઈ છે. કોર્ટમાં સજા ફટકારતી વખતે હજારોની સંખ્યામાં થાપણદારો અને સભાસદો હાજર હતા અને કોર્ટના ચુકાદા પછી સૌમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ, કારણ કે હવે તેમને પોતાના પૈસા પરત મળશે એવી ધારણા છે.

